લો હદૂ એ

ઢેઢિ ઢિ ઢોળા

...અને પ્રસિદ્ધ કરનાર.

નિઝામુદ્દીન એ. કુરેશી.
(નિઝ.મીયા બુક ડેપોના માલેક.
પાંચપટી—અમદાવાદ.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦.

તા ૧૦ માહે ઝિલ્હજ સને ૧૩૩૧ હિજરી.

આ પુસ્તક અમદાવાદ પાંચપટીમાં આવેલા
ધી નિઝ.મીયા પ્રીન્ટીંગ વર્કસમાં
નિઝામુદ્દીન કુરેશીએ છાપ્યું.

કીમ્મત એક આનો.

દિબાચો.

બિરાદરાને ઈસલામ !

આજે ઇદના મુબારક દીવસે "તોહફએ ઇદુદ દોહા" નામના ટ્રેકટની બીજી આવૃતિ આપ સાહેબોની સેવામાં રજુ કરતાં આનંદ થાય છે. દરેક ઇસલામી તહેવારો ઉપર આવા [illegible] ટ્રેકટ બહાર પાડવાનો મેં ગયા વરસમાં "નિઝામિયા [illegible]" ની સ્થાપના વખતે ઇરાદો કર્યો હતો, અને ખુદાવ[illegible] ફઝલો કરમથી એક વરસના અરસામાં નીચેના ટ્રેકટો બહાર પાડવાને શકતીમાન થયો છું જે માટે ખુદાવંદે કરીમનો આભાર માનવામા આવે છે.

તોહફએ ઇદુદ દોહા.	તઝકિરએ મોહરરમ.
અમારા રસુલના સદગુણો.	બહારે રમઝાન.

મજકુર ટ્રેકટોમાંથી માત્ર "તોહફએ ઇદુદ દોહા" અને "બહારે રમઝાન" નો ઠીક ઉઠાવ થયો છે, પણ "તઝકિરએ મોહરરમ" તથા "અમારા રસુલના સદગુણો" નો જેવો જોઇએ તેવો ઉઠાવ થઇ શકયો નથી. વળી મુબારક ઇદુલ ફીતરના સમયે "તોહફએ ઇદુલ ફિતર" નામનો ટ્રેકટ બહાર પાડવાનો ઇરાદો કર્યો હતો પણ ઇસલામી બિરાદરોની ઓછી મહેરબાનીના સબબે એ ઇરાદો પાર પડી શકયો નથી

આ ટ્રેકટના વખતે પણ નીચે લખેલા માનવંતા સાહેબો તે મોરની ઉદારતાની સાબેતી આપવાની મહેરબાની ન કરતાં તે

આ-પેજ આ બીજી આવૃતી બહાર પાડી શકતો. આ સ્થળે મજ-કુર માનવતા ગ્રહસ્થોના મુબારક નામો પ્રગટ કરી બીજા બિરાદરોને અનુકરણ કરવાની વિનંતી કરવામાં આવે છે.

કોપી ૨૦૦ જેતપુર મોહમેડન લાયબ્રેરીના માનવંતા સેક્રેટરી સાહેબ મુ. જેતપુર કાઠીયાવાડ

,, ૧૦૦ રઇસે આઝમ જનાબ ઝોરાવરખાનજી સાહેબ બહાદુર રિયાસતે પાલનપુર

,, ૧૦૦ કારભારી બાજીભાઇ મોહમદભાઇ કોનસીલેટર સારોદ

જો આવીજ રીતે બીજા ઇસલામી સદગ્રહસ્થો મારા તરફથી બહાર પાડવામાં આવતા ટ્રેકટોની સંખ્યાબંધ કોપીઓ ખરીદ કરવાની મહેરબાની કરે તો ઇનશાઅલ્લાહો તઆલા ભવિષ્યમા ઘણાં ઇસલામ ઉપયોગી ટ્રેકટો બહાર પાડવાની ઉમેદ ધરાવું છું.

હાલમા મોહરરમ માસ નજીક છે તેથી દરેક ઇસલામી ભાઇને "તઝકિરએ મોહરરમ" નામના મારા ટ્રેકટની સંખ્યાબંધ કોપીઓ ખરીદ કરવાને વિનંતી કરૂ છું.

જે ગ્રહસ્થો દરવખતે મારા લખેલા પુસ્તકો ખરીદ કરી મને ઉત્તેજન આપે છે તેમનો આ તકે ખાસ આભાર માનું છું ખાસ કરી જેતપુર મોહમેદન લાયબ્રેરીના જાઇન્ટ સેક્રેટરી મી. સુલેમાન કાસમ ધુટાણીનો ઘણોજ આભારી છું.

૧૦મી ઝીલહજ ૧૩૩૧	સદાનો આભારી સેવક.
પાંચપટી-અમદાવાદ.	નિઝામુદદીન કુરેશી.

ઇદુદ દોહાની કેટલીક હીદાયતો.

કેવા માણસે કુરબાની કરવી જોઇએ.

૧ જે માણુસ એક બકરો, મેંઢો (નર અથવા માદા) ખરીદ કરવાની તાકાત ધરાવતો હોય તો તેને કુરબાની કરવી જોઇએ.

૨ પૈસાદાર માણુસ પોતા તથા પોતાના કુટું-બની તરફથી ખુદાની નઝદીકી હાસલ કરવાની નીયત કરીને એક જાનવર ખરીદી કુરબાન કરી શકે છે (મુસલિમ)

૩ પોતા તથા પોતાના કુટુંબ તરફથી જુદી જુદી કુરબાની પણુ કરી શકે છે. (બુલુગુલમરામ મિશકાત)

૪ આ કુરબાની વાજીબ અને સુન્નતે મોઅક્-કેદા છે, પણુ વાજીબ કેહુનારની દલીલ મજ-બુત છે [બુદુરૂલ અહિલ્લા) તેથી ગરીબ માણુસ કરજ કરીને કુરબાની કરે તો સુન્નત અદા થઇ જશે અને સવાબ પણુ મળશે પરંતુ માત્ર દુન્યાને દેખાડવાની ખાતર અથવા જે રૂપીઆ લઇ કુરબાની કરવી દુરૂસ્ત નથી. (.મ...)

૫ ખાવિંદ પોતાની પત્નિની તરફથી કુરબાની કરી શકે છે. (મુસલિમ)

૬ જો કોઈ માણસ કુરબાનીની તાકત ધરાવતો હોય તો તે મરણ પામેલાની તરફથી પણ કુરબાની કરી શકે છે, કેમકે હઝરત રસુલે કરીમ સલ૰ ની તરફથી તેમની વફાત બાદ હઝરત અલી કર૰ એ કુરબાની કરી હતી. (મીશકાત)

૭ નાબાલેગ સાહેબે નસાબની તરફથી તેનો વાલી તેની મિલકતમાંથી કુરબાની કરી શકે છે. (તિરમીઝી)

૮ સાહેબે નસાબ થઈને કુરબાની ન કરનાર માટે હઝરત રસુલે કરીમ સલ૰ એ ઈતાબ જાહેર કરી ફરમાવ્યું છે કે તે અમારી ઈદગાહની પાસે ન આવે.

જે માણસ હજના માટે ગયો હોય અને તેની પાસે કુરબાની કરવા જેટલા પૈસા ન હોય તો તેણે દસ દિવસ સુધી રોઝા રાખવા જોઈએ. (બુખારી, મુસ્લિમ અને મિશકાત)

કુરબાની કેવી કરવી જોઇએ.

હઝરત રસુલે કરીમ સલ૰ કેટલીક વખતે બે દુમ્બા અથવા બે શીંગડા વાળા મેંઢા અને કોઈ વેળાએ એક દુમ્બો કુરબાન કરતા હતા. (મિશકાત)

વળી તેઓ હઝરત સલ૰ સફેદ કાળા અથવા સાબર ચીત્રા પગવાળા જાડા મેંઢાને વધુ પસંદ કરતા હતા. (મિશકાત)

અને વળી ફરમાવતા હતા કે કુરબાની કરનારાઓને આથી વધારે ખુશી થવા જોગ કઇ ખુશી હોઇ શકે છે કે તેઓ જે જનાવરની કુરબાની કરશે તેના વાળ બરાબર સવાબ મળશે, (તિરમીઝી)

કઇ જાત અને કેટલી વયના જનાવર કુરબાનીના કાબેલ છે

૧. બકરે, બકરી, મેંઢા અને દુમ્બા જયારે એક વરસની વયનો થાય, ૨, ગાય અને બળદ જ્યારે છઠું વરસ શરૂ થાય, ૩, કુરબાનીમાં ઉત્તમ કુરબાની સીંગડા વાળા મેંઢાની હોય છે. ૪, છ મહીનાની વયનાં મેંઢા અથવા દુમ્બા જે મોટા તાજા અને જોવામાં એક વરસની વયના લાગે.

કઇ જાતના જનાવરોની કુરબાનીની મનાઇ છે.

આંધળા, કાંણા, ઘણાં માંદા, પાતળા, પડીગએલા દાંતવાળા, સૂકાએલ થણવાળી માદા, વધારે કાન કપાએલા, અર્ધથી વધુ પુછડી કપાયલા ઉખડેલા શીંગડા વાળા, લંગડા, ઉપર અથવા નીચેથી ચીરાયલા કાનોના, એટલા દુબળા કે હાડકામાં ગુદો ન હોય, કુરબાની કરવાની જગ્યા સુધી ન જઈ શકતો હોય. [નિસાઇ ઇબનેમાજા, મિશકાત)

કુરબાનીમાં ભાગીદારી.

બકરા. બકરી, ખસ્સી મેંઢા માત્ર એકજ માણસ તરફથી હોવા જોઇએ, અને ગાય બળદમાં

સાત માણસોની ભાગીદારીથી કુરબાની થઇ શકે છે. અને ઉંટમાં દશ માણસો સાથે મળીને કુરબાની કરી શકે છે.

મોટી ઈદ અને દસમી તારીખના ફઝીલત.

મોટી ઈદના દીવસે હઝરત નબી સલ૦ એ ફરમાવ્યું છે કે આજે અમારૂં સઉથી પહેલું કામ નમાઝ અને નમાઝ અદા કરી ઘેર પોંહચી કુરબાની કરવાનું છે અને આ કામ કરનાર અમારી સુન્નત ઉપર ચાલનાર છે. (સહીહયન)

ખુદાની પાસે ઝિલહજ મહીનાના પેહેલા દસ દીવસમાં ઇબાદત કરવા કરતા કેઇ પણ દીવસ ઉમદા નથી. આ દીવસોમાં એક દીવસ નો રોઝો એક વરસના રોઝાઓની બરાબર અને એક રાતનો કયામ શબેકદરના કયામની બરાબર હોય છે (તિરમિઝી, મિકાશત, ઇબનેમાજા) .

અને કુરબાનીના દીવસોમાં કુરબાની વિના કોઈ પણ કામ પસંદીદા નથી. (તિરમીઝી)

ગોશતની વહેંચણી.

કુરબાનીના ગોશતની વહેંચણી માટે કોઇ ખાસ હીદાયત નથી પણ હઝરત નબી સલ૦ ફરમાવતઃ હતા કે પોતે ખાવો અને લોકોને પણ આપો તથા જ્યાં સુધી ચાહો રાખી મુકો. વળી મુહંકકેકીનોએ લખ્યું છે કે કુર

બાનીના ગોશ્તના ત્રણ હીસ્સા કરીને એક હીસ્સો ફકીરો અને યતીમોમાં વહેચવો અને બીજો પડો. શીઓમાં આપવો અને ત્રીજો પોતાના માટે રાખવો હવે તેમાંથી જેને આપવાની ઇચ્છા હેય તેને આપી શકે છે.

કુરબાનીનો વખત.

ઇદની નમાઝ અદા કરવા પછીથી ઝીલ્હજના તા. ૧૨ મીની અસરની નમાઝ સુધી કુરબાની કરવાનો વખત છે અને ઇદની નમાઝ પેહેલાં કુરબાની કરવી દુરસ્ત નથી.

કુરબાનીને લગતી કેટ[illegible] [illegible].

૧ હઝરત રસુલે કરીમ [illegible] પોતાના મુબારક હાથે કુરબાની કરતા [illegible] કુરબાની કરનારાના માટે એજ બહેતર [illegible] પોતાને હાથે કુરબાની કરે. ૨, ઇદની [illegible] કુરબાની કરવી અને કુરબાની કરવા પછી [illegible] બનાવવી જોઇએ. જો કદાચ ભુલથી [illegible] કુરબાની કરવા પહેલાં હજામત બનાવી [illegible] પણ કાંઇ હરકત જેવું નથી. ૩, ક[illegible]ની મજુરીના બદલામાં ગોશ્ત અથવા ચામડું [illegible] બલકે મજુરીના પૈસા પોતાના પા[illegible] જોઇએ જો કદાચ કસાઇ ગરીબ માલુમ [illegible] તો તેને મજુરીના પઇસા સાથે ગોશ્ત [illegible] [illegible]

કાંઇ હરકત નથી. વળી કુરબાની કરનારને ચામડું વેચવાની ખાસ મનાઈ છે પણ કોઇને આપી દેવામાં હરકત નથી.

કુરબાની કરવાની તરકીબ-

૧ પ્રથમ છરીને સારી પેઠે તેજ કરી જનાવરને કિબલા તરફ મોઢું કરી સુવાડવું અને ફરી "બિસ્મિલ્લાહે અલ્લાહો અકબર" કહી જમણા હાથે ઝુબેહ કરવું અને તે બાદ આ દોઆ પઢવી, ઇન્ની વજ્જહતો વજ્હી-લીલલઝી ફતરસ સમાવાતે વલ અરદે હનીફંવ વમા અના મિનલ મુશરેકીન ઇન્ના સલાતીવ નુસ્કી વ મહયાઇ વ મમા-તીલિલ્લાહે રબ્બિલ આલમીના લાશરીક લહુ વબે ઝાલિકા ઉમેરતો વઅના અવ્વલુલ મુસલેમીન ૨, અગર કુરબાની પોતાના તરફથી હોય તો ઝુબેહ કરતી વખતે કહેવું જોઈએ કે અલ્લાહુમ્મે તકબ્બલ મિન્ની કમા તક-બ્બલતા મિન ખલીલેક ઇબ્રાહીમા અને જો કદાચ કોઇ બીજા માણસની કુરબાની હોય તો અલ્લાહુમ્મા તકબ્બલ મિનફુલાં (ફુલાની જગ્યાએ કુરબાની કરનારનું નામ લેવું) પઢવુ અને જો પોતાના કુટુંબ તરફથી હોય તો અલ્લાહુમ્મા તકબ્બલ મિન અબસરની

કહે (મિશકાત) જો કદાચ કોઈને અરબી ઈબારત ભણતાં ન આવડે તો તે આવી રીતે પોતાની ભાષામાં કહે કે "અયે પાકપરવરદિગાર આ કુરબાનીને તું મારી તરફથી અથવા મારા કુટુંબ તરફથી કબુલ કર ૩, એક જનાવરને બીજા જનાવરની રૂબરૂ જુબેહ ન કરવું જોઈએ.

ઈદની નમાઝનો વખત.

ઈદની નમાઝનો વખત આફતાબ બુલંદ થવાથી તે ઝવાલનો વખત થવા પહેલાં સુધી રહે છે (બુખારી) ૨, મોટી ઈદની નમાઝ નાની ઇદની નમાઝથી થોડા વખત પહેલાંથીજ પઢી લેવી જોઇએ. (મિશકાત)

ઇદના માટે કેટલીક સુચનાઓ.

૧; મોટી ઈદના દીવસે નમાઝ પછી ખાવું સુન્નત છે (બુખારી) પણ જો મળી શકતું હોય તો કુરબાનીનું ગોશ્ત ખાવું જોઇએ. (મિશકાત) ૨ લુગડાં સારાં પહેરવાં સુગંધી લગાવવી તે મુસતહબ છે (ઇમામ શોકાણી) અને જેની પાસે સારા લુગડાં ન હોય તે બીજાની પાસેથી લઈને પેહરે (મુસલિમ) ૩, જે રસ્તેથી ઈદગાહ જવું હોય તેજ રસ્તેથી ઘર પાછું ન ફરવું જોઈએ. બલકે બીજા રસ્તાથી આવવુ બહેતર છે (બુખારી શરીફ) ૪, ઇદગાહ જતી વખતે અને ત્યાંથી ઘેર પાછા ફરતી વખતે મોહટેથી તકબીર ભણવા જોઈએ

(બુખારી શરીફ] ૫, ગાડી ઘોડા કે બીજી સવારી કરતાં પાયદળ જવું બહેતર છે. (બુલુગુલમરામ) ૬ ઈદના દીવસે ખેરાત કરવી જરૂરી છે જેમકે નાગાને લુગડા આપવા, ભુખ્યાને ખાણું ખવરાવવુ અને તરસ્યાને પાણી પાવું સારૂં છે (તિરમીઝી) ૭, જે ઈદગાહોમાં સ્ત્રીઓને માટે ખાસ બંદોબસ્ત કર્યો હોય ત્યાં બચ્ચાંઓ સિવાય છોકરીઓ અને સ્ત્રીઓ નમાઝમાં શરીક થઈ શકે છે (સહી હદીસ) ૮, ઝિલહજ મહીનાની પહેલી તારીખથી બારમી અને કેટલાકના કહેવા પ્રમાણે તેરમી તારીખ સુધી દરેક નમાઝ પછી તસબીહ અને તકબીર કહેવી જોઈએ પરંતુ નવમી તારીખની સવારથી બારમી તારીખની મગરેબ સુધી જેટલી બની શકે તેટલી તકબીરો કહેવી જોઈએ. [બુખારી].

નમાઝને લગતી કેટલીક સુચનાઓ.

૧ ઈદની નમાઝની બે રકાતો મુસલમાનો ઉપર ફરજ છે પરંતુ હદીસે શરીફમાં ઝાહેરી શબ્દોથી તેમની ફરઝીયત અને વુજુબ સાફ તોરથી સાબેત છે [મસનદ ઇમામ એહમદ] **જનાબ રીસાલત મોઆબ સલ૦** ઇસલામની શરૂઆતથી તે વફાત સુધી કોઈ પણ વખતે બંને ઈદની નમાઝો તરક કરી નથી. (એવીજ રીતે આપના ચારે ખલિફાઓ તાબેઈન અને તબેતાબેઈનોએ પણ નમાઝ તરક કરી હોય એમ સાબેત થતું નથી)

અગર કોઈ વખતે જુમ્માના દીવસે ઈદનો દીવસ આવી જતો તો પોતે ઈદની નમાઝ અદા કરતા અને જુમ્માના માટે આમ રજા આપતા કે આ નમાઝ ઈખતીયારી છે, ચાહે પઢો અને ચાહે ન પઢો (બુલુગુલમરામ) પરંતુ પોતે જુમ્માની નમાઝ તરક કરતા નહોતા. (બુદૂરૂલ અહિલ્લા) તેથી હનફી (બઈત્તેમાઅ સુન્નતે રસુલે મકબુલ સલ્લ૦) લોકો જુમ્માની નમાઝ પઢે છે–૨–ઈદની નમાઝ નવ તકબીરો હોય છે અને અઝાન નથી ***(બુખારી) ૩ અગર જમાઅત અતહયાતમાં હોય અને વુઝુ નહોય તો માત્ર તયમ્મુમ કાફી છે (ઈબ્ને માજા) ૪ ઈદનો ખુત્બો નમાઝના પછી થાય છે માટે ખુત્બો સાંભળીને જવું જરૂરી છે (મુસલિમ) ૫, અગર નમાઝ ન મળી શકે તો એકલો અથવા બે ત્રણ માણસોની સાથે જમાઅતથી નમાઝ ભણવી જોઈએ અને આવી રીતે નમાઝ પછી ખુતબાની જરૂરત નથી (બુખારી) ૬ વરસાદના સબબે ઈદગાહે જવાનું નબની શકે તો મસજીદમાં નમાઝ ભણવી જોઈએ (અબુદાવુદ) ૭ જે માણસો શહેરથી દુર ગામડાઓમાં રહે છે તેઓ અગર ઈદની નમાઝના માટે ઈદગાહમાં આવે તો સારૂં નહી તો પોતાના ગામમાંજ શહેરવાળાઓની પેઠે તકબીરની સાથે નમાઝ અને ખુતબો અદા કરી લે (બુખારી)